# વાપી નગરપાલિકા વિસ્તારના

# વૃક્ષોની વસ્તીગણતરી




**પ્રાથમિક અહેવાલ બુક**

**એપ્રિલ ૨૦૧૫**




**લેખક**

સંદિપકુમાર એલ. પટેલ

નિયામક, રાહી વનસ્પતિ ઉદ્યાન, મોટાપોંઢા

**વિચાર અને આયોજન**

હાર્દિકભાઇ પી. શાહ, પ્રમુખશ્રી, વાપી નગરપાલિકા

**સંકલન**

વાપી નગરપાલિકા, આઇ.ડી.એ. ફાઉન્ડેશન,

રોફેલ કોલેજ (નામધા), વલસાડ જીલ્લા વન વિભાગ

**પ્રકાશક**

વાપી નગરપાલિકા, તા. વાપી, જિ. વલસાડ

## પ્રસ્તાવના

વૃક્ષો પ્રાણવાયુ ઉત્પન્ન કરે છે, હવા અને જમીનને ચોખ્ખા રાખે છે, પ્રદુષણ ઘટાડે છે, પાણીથી થતુ ધોવાણ અટકાવે છે, વેગીલા પવનો સામે રક્ષણ આપે છે, ઘર બનાવવા લાકડું આપે છે, ખાવા માટે ફળો આપે છે અને સાથે સાથે પશુ-પંખીઓ તથા હજારો જીવજંતુઓને આશરો આપે છે. આવા તો કેટલાય પુણ્યના કામો કરે છે.આવા સંતરૂપી વૃક્ષોનું જતન કરવું એ હું મારી માનવી તરીકેની મુળભુત ફરજ સમજું છું. વિજ્ઞાનનો ઉપયોગ કરી અહીં પ્રસ્તુત કરેલ વાપી નગરપાલિકા વિસ્તારની વૃક્ષ ગણતરી આવનારા દિવસોમાં નિતિકારો અને શહેરના લોકો માટે ઉપયોગી નીવડશે એવી અપેક્ષા.

**વાપી નગરપાલિકા દ્વારા આયોજિત વૃક્ષ ગણતરી કાર્યમાં રોફેલ કોલેજ (નામધા) ના આચાર્યા હેમાલીબેન દેસાઇ તથા કોલેજના વિદ્યાર્થીઓએ અને આઇ.ડી.એ. (આઇ ડ્રીમ એબાઉટ... ફાઉન્ડેશન) ના સભ્યો એ સુંદર સહયોગ આપ્યો એ બદલ તેમનો આભારી છું. આ સમગ્ર કામગીરી માટે વાપી નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓએ પણ ખૂબ મહેનત કરી છે સૌના સહયોગથી આ ભગીરથ કાર્ય સુંદર રીતે સંપન્ન થયુ છે. જે ભવિષ્યમાં ખુબ ઉપયોગી સાબિત થશે એવી આશા રાખું છું.**

**–હાર્દિકભાઇ પી. શાહ,**


**ગતિશીલ ગુજરાતના પ્રેરણા સ્ત્રોત અને આ પ્રોજેકટના માર્ગદર્શકો - શુભેચ્છકો**




**આનંદીબેન પટેલ**
**માન. મુખ્યમંત્રીશ્રી**
**ગુજરાત રાજ્ય**




**શ્રી મંગુભાઇ પટેલ**
**વન અને પર્યાવરણ**
**મંત્રીશ્રી, ગજરાત**



**ડો. કે. સી. પટેલ**
**સંસદ સભ્યશ્રી**
**વલસાડ જિલ્લા**



**શ્રી કનુભાઇ દેસાઇ**
**ધારાસભ્યશ્રી**
**પારડી વિભાગ**



**શ્રી રમણભાઇ પાટકર**
**ધારાસભ્યશ્રી**
**ઉમરગામ વિભાગ**



**શ્રી રવિકુમાર અરોરા**
**જીલ્લા મેજિસ્ટ્રેટશ્રી**
**અને કલેકટરશ્રી, વલસાડ**
**જીલ્લા, વલસાડ**

# વૃક્ષોની વસ્તીગણતરીઃ પરિચય

અહીં રજુ કરેલ વૃક્ષોની વસ્તીગણતરી વાપી નગરપાલિકા વિસ્તાર, જિ. વલસાડ, ગુજરાતની છે. આ વૃક્ષ ગણતરીમાં વાપી નગરપાલિકાના વડપણ હેઠળ, આઇ. ડી. એ (IDA) ફાઉન્ડેશન વાપી, વલસાડ જીલ્લા સામાજીક વનિકરણ વિભાગ, રોફેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, નામધા, વાપી, ફાયર બ્રિગેડ વાપીના કર્મચારીઓ અને રાહી વનસ્પતિ ઉદ્યાન, મોટાપોંઢાના સહયોગથી હાથ ધરવામાં આવી છે.

વૃક્ષોની વસ્તીગણતરી કરવાનો મુખ્ય હેતુ વાપી નગરપાલિકા વિસ્તારમાં આવેલા વૃક્ષોની સ્થિતી તથા વૃક્ષોની વિવિધતા જાણવાનો તથા તેની યાદી તૈયાર કરવાનો છે. વૃક્ષોની પ્રત્યક્ષ નોંધણી કરી તેના સ્વાસ્થ્ય, વોર્ડ મુજબ તેની સંખ્યા અને વિસ્તરણ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## <u>વૃક્ષો અને તેની ગણતરી</u>

હાલની વૃક્ષ ગણતરી Tree Act, 1975 ના આધારે કરવામાં આવી છે, જે મુજબ બહુવર્ષાયુ, કાષ્ઠીય વનસ્પતિઓ જેની ઘેરાઇ ૧૦ સે.મી.થી વધુ અને ૨ મીટરથી ઉંચા ઝાડોને ગણતરીમાં લેવામાં આવે છે.

## <u>હેતુઓ:</u>

૧. વાપી નગરપાલિકા વિસ્તારમાં આવેલા વૃક્ષોની યાદી તૈયાર કરવી.

૨. વિસ્તરણના અધારે દરેક વોર્ડમાં આવેલા વૃક્ષોની નોંધણી કરવી.

૩. આર્થિક અને ઔષધિય ઉપયોગો ધરાવતી વનસ્પતીઓનો અહેવાલ તૈયાર કરવો.

૪. જે-તે વિસ્તારમાં જો વૃક્ષોની સંખ્યા જરૂરીયાત કરતા ઓછી હોય તો તેવા વિસ્તારો શોધી વૃક્ષારોપણ હાથ ધરવુ.

## <u>વૃક્ષ ગણતરીની કાર્ય પધ્ધતિ:</u>

સૌપ્રથમ વાપી નગરપાલિકાના સભાગૃહમાં વૃક્ષ ગણતરીકારોની તાલીમ યોજવામાં આવી હતી, જ્યાં તેમને ઝાડને ઓળખવા કેવી રીતે, ઝાડની ઉંચાઇ-ઘેરાઉ કેવી રીતે માપવી અને તેમની નોંધણી કેવી રીતે કરવી તેની તાલીમ તજજ્ઞો દ્વારા આપવામા આવી હતી. દરેકે-દરેક ઝાડની પ્રત્યક્ષ નોંધણી કરવામાં આવી છે.




(વૃક્ષોની ગણતરીના આરંભે સ્વયંસેવકો અને કર્મચારીઓને જરુરી માર્ગદર્શન પુરુ પાડતા વાપી નગરપાલિકાના પ્રમુખ શ્રી, હાર્દિભાઇ પી. શાહ)



(વાપી નગરપાલિકા વિસ્તારના વૃક્ષોની ગણતરીમાં સક્રિયપણે ભાગ લેતા લોકલાડીલા નેતા અને ઉમરગામના ધારાસભ્ય શ્રી, રમણભાઇ પાટકર)



(વૃક્ષોની ઘેરાઇ, ઉંચાઇ કેવી રીતે માપવી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરતા વલસાડ સામાજીક વનીકરણ વિભાગના રેંજ ફોરેસ્ટર શ્રી, ડી. પી. ચાવડા)



(વૃક્ષ-ગણતરીમાં હોંશભેર ભાગ લેતા રોફેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, નામધાના વિદ્યાર્થીઓ)



(ખંતપુર્વક વૃક્ષ-ગણતરીકરી રહેલા રોફેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, નામધાના વિદ્યાર્થીઓ)




(ખંતપુર્વક વૃક્ષ-ગણતરીમાં હાજર રહેલા વાપી નગર પાલિકા આઇ. ડી. એ. ફાઉન્ડેશનના કર્મચારીઓ)





**વાપી નગરપાલિકા દ્વારા હરીયાળુ વાપી બનાવવા, વિશ્રામગૃહ, પીડબ્લ્યુડી, વાપી ખાતે તૈયાર કરવામાં આવેલ પોકેટ ગાર્ડનનું દશ્ય**

# અવલોકનો

વાપી નગરપાલિકા વિસ્તારમાં કુલ ૧૨,૮૦૩ વૃક્ષો નોંધવામાં આવ્યા છે. વાપી નગરપાલિકાના કુલ ૧૪ વોર્ડમાંથી વોર્ડ નં ૧ માં સૌથી વધુ સંખ્યામાં વૃક્ષો જોવા મળ્યા છે. જાતિની વિવિધતાને અનુલક્ષીને વૃક્ષોની કુલ ૧00 જાતો નોંધાવા પામી છે. વોર્ડ નં, તેની જનસંખ્યાને અનુલક્ષીને વૃક્ષોની વસ્તી ગણતરીનો અહેવાલ નીચે આપેલા કોષ્ટકોમાં દર્શાવવામાં આવ્યો છે.

| વોર્ડ નંબર | જનસંખ્યા | વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| 1 | 11,382 | 3,214 |
| 2 | 14,192 | 1,199 |
| 3 | 15,571 | 2,494 |
| 4 | 10,783 | 1,156 |
| 5 | 11,821 | 776 |
| 6 | 7,587 | 372 |
| 7 | 12,727 | 507 |
| 8 | 9,828 | 359 |
| 9 | 10,426 | 47 |
| 10 | 11,786 | 270 |
| 11 | 9,609 | 586 |
| 12 | 11,904 | 621 |
| 13 | 11,731 | 872 |
| 14 | 14,283 | 330 |

## વાપી નગરપાલિકા વિસ્તારમા જોવા મળેલા વૃક્ષોની યાદી

| ક્રમ નં. | ઝાડનું નામ | સંખ્યા |
|---|---|---|
| 1. | આસોપાલવ | 1342 |
| 2. | આંબો | 1138 |
| 3. | નારીયેળ | 802 |
| 4. | ગુલમહોર | 680 |
| 5. | નીલગીરી | 642 |
| 6. | લીમડો | 633 |
| 7. | ખાટી આમલી | 632 |
| 8. | બોટલપામ | 357 |
| 9. | સાગ | 309 |
| 10. | બદામ | 306 |
| 11. | બોર | 288 |

| | | |
|---|---|---|
| 12. | ફ્રુગજો | 282 |
| 13. | ગોરસ આમલી | 273 |
| 14. | સુબાવળ | 242 |
| 15. | કદમ્બ | 234 |
| 16. | કાળા જાંબુ | 210 |
| 17. | શરુ | 207 |
| 18. | સોપારી | 205 |
| 19. | જમરૂખ | 204 |
| 20. | ચીકુ | 200 |
| 21. | પીપળો | 195 |
| 22. | ખેર | 193 |
| 23. | સપ્તપર્ણી | 181 |
| 24. | ખજુરી | 175 |
| 25. | તામ્રફળી | 165 |
| 26. | શીમળો | 162 |
| 27. | ચંપો | 162 |
| 28. | ઉમરો | 151 |
| 29. | ભીંડી | 149 |
| 30. | બંગાળી બાવળ | 146 |
| 31. | ક્રંજ | 146 |
| 32. | શીરીશ | 143 |
| 33. | બવળ | 132 |
| 34. | ટેબુબીયા રોઝીઆ | 100 |
| 35. | ગરમાળો | 98 |
| 36. | વાંસ | 93 |
| 37. | વડ | 88 |
| 38. | સરગવો | 85 |
| 39. | સીતાફળ | 73 |
| 40. | શીંગળો | 62 |
| 41. | ધામણી | 60 |
| 42. | પપૈયા | 52 |
| 43. | ગુંદી | 50 |
| 44. | ક્રીસમસ ટ્રી | 48 |
| 45. | આમળા | 46 |
| 46. | કાકડ | 45 |
| 47. | મીઠી લીમડી | 43 |
| 48. | શેતુર | 43 |
| 49. | ફ્રુગસ | 42 |
| 50. | ક્રોટી | 39 |
| 51. | બીલી | 37 |
| 52. | ગોરાડીયો | 37 |
| 53. | મહુડો | 29 |

| | | |
|---|---|---|
| 54. | પળશ | 29 |
| 55. | દુધમોરવણી | 21 |
| 56. | અરીઠા | 19 |
| 57. | કેળા | 18 |
| 58. | લીંબુ | 18 |
| 59. | કાચનાર | 15 |
| 60. | તાડ | 15 |
| 61. | સેવન | 14 |
| 62. | ચંદન | 12 |
| 63. | ચોર-આમલો | 10 |
| 64. | આસન | 9 |
| 65. | કોડીયા | 9 |
| 66. | ફાયકસ બેન્જામીના | 9 |
| 67. | રામફળ | 9 |
| 68. | સમડી | 9 |
| 69. | ટેબુબીયા આર્જેન્શીયા | 9 |
| 70. | કાજુ | 8 |
| 71. | રાયણ | 8 |
| 72. | સાદડ | 8 |
| 73. | પારીજાત | 7 |
| 74. | સીસમ | 7 |
| 75. | આલી | 6 |
| 76. | દાડમ | 6 |
| 77. | મુન્ટીન્જીયા | 6 |
| 78. | પીળી કરેણ | 6 |
| 79. | સીલ્વર ઓક | 6 |
| 80. | ટેકોમા | 6 |
| 81. | પીપળી | 5 |
| 82. | બોરસલ્લી | 4 |
| 83. | બોટલબ્રશ | 4 |
| 84. | નગોડ | 4 |
| 85. | કલમ | 3 |
| 86. | કાસીદ | 3 |
| 87. | કીનાઇ | 3 |
| 88. | કુસુમ | 3 |
| 89. | સફેદ જામ્બુ | 3 |
| 90. | બકમ લીમડો | 2 |
| 91. | ગ્લીરીસીડીયા | 2 |
| 92. | લાર્જેસ્ટ્રોમીયા | 2 |
| 93. | કમરખ | 2 |
| 94. | ખટામળા | 2 |
| 95. | સીંદુર | 1 |

| | | |
|---|---|---|
| 96. | ચેરી | 1 |
| 97. | રુદ્રાક્ષ | 1 |
| 98. | શીવજટા | 1 |
| 99. | ટેબલ પામ | 1 |
| 100. | સફેદ શીમળો | 1 |
| | કુલ | **12,803** |

## લેખકના તારણો અને સૂચનો

૧. દરેક વોર્ડદીઠ માનવ વસ્તીની સામે વૃક્ષોની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળી છે.
૨. હજુ વધુ વૃક્ષો વાવી પર્યાવરણની સમતુલા જળવાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.

## નિષ્ણાતના અભિપ્રાય અને સૂચનો

**વાપી નગરપાલિકા દ્વારા વૃક્ષ ગણાતરીનું સુંદર કાર્ય શહેરમાં પહેલી વખત થયુ છે જે ખૂબ ઉપયોગી સાબિત થશે. હાલમાં વૃક્ષોની સંખ્યા પર્યાવરણ જાળવણીને અનુલક્ષીને ઘણી ઓછી છે, જેથી વધુને વધુ વૃક્ષોનું વાવતેર થાય અને તેનું જતન થાય તો માનવ જાતને ઘણા લાભ મળી શકે તેમ છે. કેમકે એક માણસ પોતાના સરેરાશ જીવનકાળ દરમ્યાન૭ વૃક્ષો દ્વારા ઉત્પાદિત થયેલ પ્રાણવાયું વાપરી નાંખે છે. જેથી માણસે પોતાના જીવનમાં ઓછામાં ઓછા ૭ વૃક્ષો અવશ્ય વાવવા અને ઉછેરવા જોઈએ.**

**વાપી જેવા શહેરમાં બોરસલી, વડ, લીમડો, બકમલીડો, પારીજાત, ટેકોમાસ્ટન્ડે, સ્પ્તપર્ણી, આશોપાલવ, કંચનાર, પુત્રનજીવા, સીન્કેશિયા જેવા વૃક્ષો વધુ પ્રમાણમાં વાવવા જોઈએ.**

**વાપી ને ગ્રીન સીટી બનાવવા માટે જાહેર રસ્તા, માલિકીની જમીન તથા ખરાબા જમીનમાં પહોળા પાદડાવાળા અને વધુ ઉચાઇ ન હોય તેવા એવરગ્રીન વૃક્ષોનું વાવેતરનું આયોજન. તેમજ શુશોભિત વૃક્ષો રોપવાનું આયોજન હાથ ધરવું જોઈએ. સંસ્કૃતના એક શ્લોકમાં લખ્યું છે કે અન્નથી પ્રાણી માત્રનું પોષન થાય છે. અન્ન ઉત્પાદન માટે પાણીની જરૂર છે અને જળપ્રાપ્તિ (વરસાદ) વનોથી થાય છે જેથી વન ઉછેરનું યજ્ઞકાર્ય કરવું જોઈએ.**

**– જે. કે. પટેલ , નિવૃત વનવિસ્તરણ મદદનીશ અધિકારી, વાપી**

## નિષ્ણાતના અભિપ્રાય અને સૂચનો

વાપી નગરપાલિકા દ્વારા પોતાની પાસેની વૃક્ષની સંપત્તિ જાણવાનો આ પ્રયત્ન સરાહનીય અને અન્ય નગરપાલીકાઓ અને મહાનગરપાલીકાઓ માટે અનુકરણીય બને એવી લાગણી સહ વાપી નગરપાલીકાની શ્રી હાર્દિકભાઈ શાહ અને એમની ટીમને અભીનંદન આપું છું .

ભૂતકાળમાં કરાયેલ અંદાજ મુજબ ગુજરાત રાજયમાં વન વિસ્તાર બહાર હેકટર દીઠ ૧૮વૃક્ષ ૪. .વૃક્ષની સરેરાશ હતી ૫.૪૦ અને વલસાડ જીલ્લામાંજે અંદાજમાં વાપી પણ સમાવિષ્ટ હતું.


વાપીમાં આપના દ્વારા કરાયેલ તાજેતરની મોજણી મુજબ હેકટર દીઠ સરેરાશ ૫વૃક્ષ હોવાનું ૮. .જણાયેલ છેજે જીલ્લા અને રાજયની સરેરાશ કરતાં ઘણી જ નીચી અને ઓછી હોવાનું જણાય છે .

વાપીની ઔધોગિક વસાહતો, વાપીની આજુબાજુની ઔધોગિક વસાહતો તેમજ ઝડપથી થતા વિકાસ અને વસ્તી વધારાને ધ્યાને લેતાં વૃક્ષારોપણ અને સફળ ઉછેર તેમજ હયાત " .એ સમયની માંગ છે "વૃક્ષાવરણની સાચવણી


ગ્લોબલ વોર્મીંગ, કલાઈમેટ ચેઈન્જ, પ્રદુષણ અને ઓઝોન પડમાં ઉભા થયેલા ગાબડાં જેવા મહારાક્ષસોને નાથવા વ"ૃક્ષારોપાણપારખ્યું તે એકમાત્ર અને રામબાણ ઈલાજ હોવાનું આપે " ! બદલ ખૂબ ખૂબ અભિનંદન

આપના વૃક્ષારોપણના યજ્ઞને સફળતા માટે વન વિભાગના સહયોગની ખાત્રી સહ શુભકામનાઓ પાઠવું છું.

- ગૌતમ આઈનાયક ., વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, ભરૂચ



## રાશિચક્રના આરાધ્ય વૃક્ષો






**બોલતુ વૃક્ષ થીમ**